RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 5, Dt.16-03-2024 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ગુજરાતમાં ૭મી મેએ ૨૬ લોકસભા બેઠકો પર મતદાન

## ૫૪૩ લોકસભા સીટો પર ૭ તબક્કામાં મતદાન થશે, પ્રથમ તબક્કા માટે ૧૯મી એપ્રિલે મતદાન થશે, જ્યારે છેલ્લા તબક્કાનું મતદાન ૧ જૂને યોજાશે યોજાશે, ચોથી જૂને પરિણામ જાહેર થશે, સાથે ચાર રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી યોજાશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભાની ૫૪૩ બેઠક પર ૭ તબક્કામાં મતદાન યોજાશે.પ્રથમ તબક્કાનું મતદાન ૧૯ એપ્રિલે થશે. બીજા તબક્કાનું મતદાન ૨૬ એપ્રિલે થશે.ત્રીજા તબક્કામાં ૭મેએ ગુજરાતમાં મતદાન થશે.ચોથા તબક્કામાં ૧૩ મેએ થશે મતદાન. ૫મા તબક્કામાં ૨૦મેએ થશે મતદાન. છઠ્ઠા તબક્કામાં ૨૫મે થશે મતદાન. સાતમા તબક્કામાં ૧ જૂને મતદાન થશે. ૪ જૂને દેશભરમાં માટે ગણતરી હાથ ધરાશે. કેન્દ્રીય ચૂંટણી પંચે પત્રકાર પરિષદ યોજીને




આ કાર્યક્રમની જાહેરાત કરી હતી.

પ્રથમ તબક્કાનું મતદાન ૧૯ એપ્રિલે થશે. આ સમયગાળા દરમિયાન ૨૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદાન થશે. પ્રથમ તબક્કામાં લોકસભાની કુલ ૧૦૨ બેઠકો પર મતદાન થશે.બીજો તબક્કાનું મતદાન ૨૬ એપ્રિલે થશે. બીજા તબક્કામાં દેશોના ૧૩ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં મતદાન થશે. આ દેશની ૮૯ બેઠકો પર ચૂંટણી થશે. જેમા પરિણામ ૪ જૂન આવશે.

ત્રીજા તબક્કામાં ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૯૪ લોકસભા બેઠકો પર મતદાન થશે. ત્રીજા તબક્કાનું મતદાન ૭ મેના રોજ થશે.ચોથા તબક્કા હેઠળ ૧૩ મેના રોજ મતદાન થશે. આ સમયગાળા દરમિયાન દેશના ૧૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૯૬ લોકસભા બેઠકો પર મતદાન થશે.પાંચમા તબક્કાનું મતદાન ૨૦ મેના રોજ થશે. આ સમયગાળા દરમિયાન ૮ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૪૯ લોકસભા બેઠકો પર મતદાન થશે. ચૂંટણીના પરિણામો ૪ જૂને આવશે.

### લોકસભાની ચૂંટણીના મુખ્ય મુદ્દાઓ

* દેશમાં ૯૬.૮૮ કરોડ મતદારો, જેમાં પુરુષો ૪૯.૭૨ અને મહિલાઓ ૪૭.૧૫ કરોડ
* ૮૨ લાખ મતદાતાઓ ૮૫ વર્ષથી ઉપરના, જ્યારે ૨.૩૮ લાખ મતદાતા ૧૦૦ વર્ષથી ઉપરના
* ૧.૮૨ કરોડ યુવા મતદારો પહેલીવાર મતદાન કરશે, ૮૫ વર્ષથી વધુ વયના મતદારોને ઘરેથી મતદાનની સુવિધા, થર્ડ જેન્ડર ૪૮૦૪૪, ૮૮.૩૫ લાખ વિકલાંગ મતદારો.
* ૧૨ રાજ્યોમાં પુરુષ કરતા મહિલા મતદારોની સંખ્યા વધુ
* ૧૦.૫ લાખ પોલિંગ બૂથો, ૧.૫ કરોડ કર્મચારીઓ ચૂંટણીના કામમાં લગાવાશે
* ક્રિમિનલ રેકોર્ડ ધરાવતા ઉમેદવારોએ અખબારોમાં વિગતો પ્રકાશિત કરાવવી પડશે.
* દરેક બુથ પર પીવાનું પાણી, ટોયલેટની વ્યવસ્થા પણ હશે
* કાગળનો ઉપયોગ લઘુતમ કરવામાં આવશે

## EDના સમન્સ છતાં હાજર નહી થવાના કેસમાં દિલ્હીની કોર્ટે અરવિંદ કેજરીવાલના જામીન મંજુર કર્યા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પાટનગરના શરાબ કાંડમાં એન્ફોર્સમેન્ટ વિભાગના આઠ આઠ સમન્સ છતા હાજર નહી થનાર દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને ચુંટણી પુર્વે જ મોટી રાહત મળી છે. આજે તેઓ દિલ્હીની સાઉથ એવન્યુ કોર્ટના ખાસ ન્યાયમૂર્તિ રાકેશ સયાલની કોર્ટમાં તેમની સાથેના સમન્સને માન આપીને હાજર થયા હતા.



જેમાં તેઓએ તેમની સાથેની ઈડીની કાર્યવાહી પર નસ્ટેથની પણ માંગણી કરી હતી. ઈડીએ શ્રી કેજરીવાલ સામે જે અલગ અલગ ફરિયાદો દાખલ કરી છે તે સંદર્ભમાં તેઓ આજે રૂા.૧૫૦૦૦ના વ્યક્તિગત જામીન પર મુક્ત કર્યા હતા. ખાસ કોર્ટમાં ઉપસ્થિત થયા બાદ ફકત પાંચ મીનીટમાં જ તેમના જામીન મંજુર થયા હતા અને હવે ઈડી આ અંગે કઈ રીતે આગળ વધે છે તેના પર નજર છે.

કેજરીવાલ આ કેસમાં તેમને વ્યક્તિગત રીતે હાજરીમાંથી મુક્તિ માંગી હતી. પરંતુ તે માટે તેઓને સેસન્સ કોર્ટમાં અરજી કરવા જણાવાયું હતું. એક તબકકે કેજરીવાલને પણ શરાબ કાંડમાં પુછપરછ પછી તેમની ધરપકડ કરાશે તેવી ચર્ચા હતી.

## હિડનબર્ગ બાદ અદાણી ગ્રુપ પર ફરી સંકટના વાદળોઃ અમેરિકન તપાસ એજન્સી લાંચ પ્રકરણમાં ચેરમેનની તપાસ કરશે

**મુખ્ય સમાચાર, ન્યુ દિલ્હી**

હિડનબર્ગના રિપોર્ટ બાદ વિવાદમાં ઘેરાયેલા ભારતના ટોચના કોર્પોરેટ ગ્રુપ અદાણી પર ફરી સંકટના વાદળો સર્જાવાના હોય તેમ અમેરિકન તપાસ એજન્સીએ તપાસનો વ્યાપ વધાર્યો છે. એટલું જ નહીં ગ્રુપના વડા ગૌતમ અદાણી પર તપાસ કેન્દ્રીત કરવામાં આવી છે.અદાણી ગ્રુપના એનર્જી પ્રોજેકટને પાર પાડવા માટે અદાણી અથવા તેની સાથે સંકળાયેલા ગૌતમ અદાણી અથવા અન્ય કોઈએ અધિકારીઓને લાંચ આપી હતી કે કેમ તે દિશામાં તપાસ કરવામાં આવી રહી છે.

ન્યુયોર્ક ઈસ્ટર્ન ડીસ્ટ્રીકટની એટર્ની ઓફિસ દ્વારા આ તપાસ કરવામાં આવી



રહી છે. ભારતીય રીન્યુએબલ એનર્જી કંપની એઝપોર પાવર ગ્લોબલ લીમીટેડની પણ તપાસ થઈ રહી છે.અદાણી ગ્રુપ દ્વારા ઈ-મેલ સ્ટેટમેન્ટમાં એમ કહેવામાં આવ્યું છે કે ગ્રુપના ચેરમેન સામે કોઈ તપાસ થતી હોવાની માહિતી નથી. બિઝનેશ ગ્રુપ તરીકે કંપની વહીવટના ઉચ્ચ માપદંડોને અનુસરે છે. ભારત અને વિદેશોમાં લાંચ વિરોધી અને ભ્રષ્ટાચાર વિરોધી નિયમોનું પાલન કરે છે. વોશિંગ્ટનના કાયદા વિભાગ દ્વારા આ મામલે કોઈ ટીપ્પણી કરવાનો ઈન્કાર કરાયો છે. એઝગેર એનર્જી દ્વારા પણ ટીપ્પણી કરવામાં આવી નથી.

ભારતમાં અદાણી ગ્રુપ બંદર, ઉર્જા, હાઈવે, એરપોર્ટ સહિતના ક્ષેત્રોમાં મોખરાનું સ્થાન ધરાવે જ છે. દુનિયાભરમાંથી મૂડીરોકાણ મળે છે. અમેરિકન કાયદામાં વિદેશમાં ભ્રષ્ટાચારના આક્ષેપ થાય અને તેમાં અમેરિકન રોકાણકાર કે માર્કેટનું કનેકશન હોય તો સરકારી તપાસની છુટ્ટ છે.ભારતમાં અદાણીનુ મોટુ ઔદ્યોગીક સામ્રાજય ધરાવતા અદાણી ગ્રુપ વિરુદ્ધ ગત વર્ષે શોર્ટસેલર હિડનબર્ગે રિપોર્ટ જારી કર્યો હતો અને તેનાથી સમગ્ર કોર્પોરેટ જગત ખળભળી ઉઠયુ હતું. હિસાબી ગોટાળા તથા શેરોમાં કૃત્રિમ તેજી કરવાનો આક્ષેપ મુકયો હતો. કંપનીએ આરોપ નકાર્યા હતા. મામલો સુપ્રિમ કોર્ટ સુધી પહોંચ્યો હતો. કલીનચીટ મળ્યા બાદ પડઘા શાંત થયા હતા.

અમેરિકન સૂત્રોના દાવા પ્રમાણે અદાણી સામેની તપાસ એડવાન્સ તબકકામાં છે. સરકારી તપાસ એજનસી પક્ષકારોને જાણ કર્યા વિના તપાસ કરી શકે છે. અદાણી ગ્રુપ તથા એઝયોર ભારતમાં ગ્રીન એનર્જી ક્ષેત્રમાં હરિફ છે. છેલ્લા વર્ષોમાં બન્ને કંપનીઓએ સરકારી સોલાર કાર્યક્રમ અંતર્ગત કોન્ટ્રાકટ મેળવ્યા છે. અદાણી વિશ્વની ગ્રીન રીન્યુએબલ ક્ષેત્રની ટોચની કંપનીનુ સ્થાન હાંસલ કરવા પ્રયત્નશીલ છે.

એઝયોર વ્હીસલબ્લોરની ફરિયાદોનો પડકાર ઝીલી રહી છે. ગત વર્ષે ન્યુયોર્ક સ્ટોક એકસચેંજમાં ડી-લીસ્ટેડ થઈ હતી. ગત વર્ષે કંપનીએ જાહેર કર્યુ હતું કે અમુક પ્રોજેકટોના સંબંધમાં બારોબાર અયોગ્ય ચૂકવણા થયા વિશેની તપાસમાં કાયદાવિભાગ તથા સિકયુરીટીઝ એન્ડ એકસચેંજ કમીશનને પુર્ણ સહયોગ આપવામાં આવી રહ્યો છે

## પુત્રને ટિકિટ ન મળતા કર્ણાટકમાં ભાજપના નેતા વરિષ્ઠ નેતા કે એસ ઈશ્વરપ્પાનો વિદ્રોહઃ શિમોગામાંથી અપક્ષ ચૂંટણી લડવાનો નિર્ણય

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કર્ણાટક ભાજપના વરિષ્ઠ નેતા કે એસ ઈશ્વરપ્પાએ આગામી લોકસભા ચૂંટણીમાં શિમોગા બેઠકથી અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે. તેમણે આ નિર્ણય પોતાના પુત્ર કાંતેશને હાવેરી મતવિસ્તારથી ટિકિટ ન આપવાના કારણે લીધો છે. ભાજપે પૂર્વ મુખ્યમંત્રી બસવરાજ બોમ્મઈને હાવેરી બેઠકથી મેદાનમાં ઉતાર્યા છે.



ઈશ્વરપ્પાએ કાંતેશને ટિકિટ ન મળવા બદલ પૂર્વ મુખ્યમંત્રી બીએસ યેદિયુરપ્પાને દોષી ઠેરવ્યા. ભાજપે યેદિયુરપ્પાના પુત્ર બી વાઈ રાઘવેન્દ્રને શિમોગાથી ઉમેદવાર બનાવ્યા છે. આ બેઠકથી કોંગ્રેસે પૂર્વ મુખ્યમંત્રી એસ બંગારપ્પાની પુત્રી ગીતા શિવરાજકુમારને મેદાનમાં ઉતાર્યા છે. ગીતા કન્નડ ફિલ્મ સ્ટાર શિવરાજ કુમારના પત્ની છે. ઈશ્વરપ્પા અપક્ષ ચૂંટણી લડશે.

ઈશ્વરપ્પાએ પોતાના સમર્થકો તરફથી બોલાવાયેલી બેઠકમાં ભાજપ સામે વિદ્રોહનું એલાન કરતા કહ્યુ, હું શિમોગા લોકસભા વિસ્તારથી અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડીશ. કર્ણાટકમાં ભાજપને ઊભુ કરવા અને ફરી તેને મજબૂત કરવાનું ક્રેડિટ ઈશ્વરપ્પા, યેદિયુરપ્પા અને દિવંગત એચએન અનંત કુમારને આપવામાં આવે છે.

પૂર્વ નાયબ મુખ્યમંત્રીએ આરોપ લગાવતા કહ્યુ કે ભાજપના સંસદીય બોર્ડ અને કેન્દ્રીય ચૂંટણી સમિતિના સભ્ય યેદિયુરપ્પાએ તેમના પુત્રને ટિકિટ આપવાનું આશ્વાસન આપ્યુ હતુ. એટલુ જ નહીં પરંતુ તેમની જીત માટે પ્રચાર કરવાનું વચન પણ આપ્યુ હતુ પરંતુ હવે તેમણે તેમને દગો આપ્યો છે.


તેમણે આરોપ લગાવ્યો કે ભાજપનું રાજ્ય એકમ યેદિયુરપ્પા પરિવારના ચુંગાલમાં છે. તેમનો એક પુત્ર સાંસદ છે અને બીજો પુત્ર ધારાસભ્ય અને પ્રદેશ અધ્યક્ષ છે. આ દરમિયાન ઈશ્વરપ્પાએ વારંવાર એ વાત પર જોર આપ્યુ કે તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિરોધી નથી. તેમણે કહ્યુ કે ભલે મારો જીવ જતો રહે. હુ નરેન્દ્ર મોદી વિરુદ્ધ જઈશ નહીં. જો મારી છાતી ચીરીને જોશો તો એક તરફ ભગવાન રામ હશે અને બીજી તરફ મોદી હશે.

## લોકસભા ચૂંટણી માટે પીએમ મોદીએ 'મેરા ભારત, મેરા પરિવાર' કેમ્પેન સોંગ લોન્ચ કર્યુ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભા ચૂંટણી માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નમેરા ભારત, મેરા પરિવારથ કેમ્પેનની શરૂઆત કરી છે. વડાપ્રધાને સોશ્યલ મીડિયા પર એક વિડીયો પોસ્ટ કર્યો છે. જેમાં કેમ્પેનનું થીમ સોંગ જાહેર કર્યુ છે.

ઉલ્લેખનીય છે કે, ચૂંટણી પંચ આજે જ ચૂંટણીની તારીખો જાહેર કરનાર છે ત્યારે આ કેમ્પેન ગીતના વિડીયોમાં મોદી સરકારની કિસાન સન્માન નિધિ યોજના, હર ઘર નલ યોજના, ઉજજવલા યોજના અને પીએમ આવાસ યોજનાઓને દર્શાવાયા છે.



ઉલ્લેખનીય છે કે, લાલુ યાદવના પરિવારવાદ પર નિવેદનના જવાબમાં પીએમ મોદીએ કહ્યું હતું કે ૧૪૦ કરોડ લોકો મારો પરિવાર છે ત્યારબાદ ભાજપના નેતાઓએ પોતાની પ્રોફાઈલમાં નમોદી કા પરિવારથ લખવું શરૂ કર્યુ હતું.

મોદીએ તેલંગાણામાં લાલુ પ્રસાદ યાદવના 'પરિવાર' નિવેદન પર પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે પહું તેમને કહેવા માગું છું કે મારો દેશ ૧૪૦ કરોડ દેશવાસી મારો પરિવાર છે. જ્યારે પણ હું પરિવારવાદની રાજનીતિની વાત કરું છું ત્યારે વિપક્ષના લોકો કહે છે કે મોદીનો કોઈ પરિવાર નથી.

મોદીએ કહ્યું હતું કે દેશ માટે મેં બાળપણથી મારું ઘર છોડી દીધું હતું અને તેમના માટે મારું જીવન ખપાવી દઈશ. પીએમના ભાષણના થોડા સમય પછી અમિત શાહ, જેપી નડ્ડા, સ્મૃતિ ઈરાની, જ્યોતિરાદિત્ય સિંધિયા, શિવરાજ સિંહ ચૌહાણ અને કિરેન રિજિજુ સહિતના ભાજપી નેતાઓએ તેમના પ્રોફાઈલ નામ બદલી નાખ્યા હતા.



# મોરબીમાં માનસિક દિવ્યાંગ યુવતીને હવસનો શિકાર બનાવતા નરાધમને આજીવન કારાવાસ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સ્પે.એટ્રોસિટી કોર્ટ દ્વારા મહત્વપૂર્ણ ચુકાદો આપવામાં આવ્યો છે. જેમ વર્ષ ૨૦૨૨ માં દલવાડી સર્કલ પાસે આવેલ આવાસ યોજના ક્વાર્ટરમાં કચરા-પોતુ કરવા આવતી એનુ.જાતિની મંદબુદ્ધિ ધરાવતી યુવતી સાથે દુષ્કર્મ કરી ગર્ભવતી બનાવનાર નરાધમને જીવનના અંતિમ શ્વાસ સુધીની સજા તેમજ કુલ ૪ લાખનો દંડ ફટકારતો હુકમ કરવામાં આવ્યો છે.



આ કેસની ટૂંક વિગત મુજબ મોરબીના દલવાડી સર્કલ પાસે આવેલ આવાસ યોજના ક્વાર્ટરમાં રહેતા આરોપી જયેશ અશ્વિનભાઈ મીરાણી નામના નરાધમે વર્ષ ૨૦૨૨ માં પોતાના ઘરે વાસણ-કચરા કરવા આવતી અનુ.જાતિની મંદબુદ્ધિની યુવતી સાથે દુષ્કર્મ આચરી તેને ગર્ભવતી બનાવી હતી. જે બનાવની પીડિતાની માતાને જાણ થતા તેમની માતા દ્વારા નરાધમ વિરુદ્ધ મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં દુષ્કર્મ અંગેની ફરિયાદ નોંધાવી હતી.

ઉપરોક્ત દુષ્કર્મનો કેસ મોરબીની સ્પે. એટ્રોસિટી કોર્ટમાં ચાલી જતા નરાધમ આરોપી વિરુદ્ધ કુલ મૌખિક પુરાવા ૧૧ અને દસ્તાવેજી તથા તબીબી પુરાવા ૩૪ને ધ્યાને લઇ તેમજ મદદનીશ સરકારી વકીલ સંજય સી. દવે દ્વારા કરવામાં આવેલ ધારદાર દલીલોને ગ્રાહ્ય રાખી મોરબી સ્પે.એટ્રોસીટી કોર્ટના બીજા એડિશનલ સેસન્સ જજ વિરાટ એ.બુદ્ધ સાહેબ દ્વારા વર્ષ ૨૦૨૨માં અતિ ઘૃણાસ્પદ દુષ્કર્મના કેસમાં નરાધમ આરોપી જયેશ ઉર્ફે લાલો અશ્વિનભાઈ મીરાણી રહે. મોરબી પ્રધાનમંત્રી આવાસ યોજના રૂમ નં.૦૬, બીલ્ડીંગ નં.૦૭, દલવાડી સર્કલ પાસે મુળ-રહે. ખારસીયા, તા. માળીયા (મી)ને તકસીરવાન ઠેરવી આજીવન સખ્ત કેદની સજા તેમજ કુલ ૪ લાખનો દંડ ફટકારતો આદેશ કરવામાં આવ્યો છે.

# બોલેરોમાં કચ્છથી રાજકોટ કતલખાને લઇ જવાતા ૧૧ પશુઓને મોરબીના ગૌરક્ષકોએ બચાવ્યા




**મુખ્ય સમાચાર, ઋષિ મેહતા**

**મોરબી:** મોરબી હિન્દૂ યુવાવાહિની અખિલ વિશ્વ ગૌ સંવર્ધન પરિષદ દિલ્હીના ગૌ રક્ષકો દ્વારા વધુ એકવાર પોતાના જીવના જોખમે અબોલ મૂંગા પશુઓને કતલખાને લઇ જવાતા બચાવી લઇ સરાહનીય કામગીરી હાથ ધરી છે. જેમાં બોલેરો વાહનમાં ૧૧ પાડાને કચ્છથી રાજકોટ કતલખાને લઇ જતા બોલેરો ચાલક તથા કલીનરને ઝડપી લઇ મોરબી બી ડિવિઝન પોલીસ મથકમાં લઇ જઈ બંને વિરુદ્ધ ગુનો દાખલ કરાવી મૂંગા પશુઓને ગૌશાળામાં મોકલવા તજવીજ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર નવી પીપળી રહેતા ગૌરક્ષકવૈભવભાઈ જીતેશભાઇ ઝાલરીયા દ્વારા આરોપી મહંમદભાઇ ઇસ્માઇલભાઈ માંડલીયા રહે.રાજકોટ બજરંગ વાડી તથા આરોપી ઇકબાલ ઇસ્માઇલભાઈ તરકબાણ રહે.રાજકોટ ગિરનાર ટોકીઝ પાછળ ખાટકીવાડામાં વિરુદ્ધ મોરબી બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે ગત તા.૧૫/૦૩ના રાત્રીના બે વાગ્યાના સુમારે ગૌરક્ષકોને ખાનગીરાહે બાતમી મળેલ કે બોલેરો પીકઅપ રજી. જીજે-૦૩-બીટી-૦૬૧૯માં પશુઓ ભરી કચ્છથી રાજકોટ કતલખાને લઇ જવામાં આવી રહ્યા છે જે બાતમીને આધારે મોરબી-માળીયા(મી) હાઇવે ઉપર આવેલ ફર્ન હોટલ પાસે વોચમાં હોય તે દરમિયાન ઉપરોક રજી. નંબરની બોલેરો પીકઅપ આવતા તેને રોકી તેના ઠાઠામાં તલાસી લેતા જેમાં નીરણની કે પાણીની કોઈ વ્યવસ્થા વગર એકદમ ક્રૂરતાપૂર્વક ટૂંકા દોરડેથી ઠસોઠસ ૧૧ પાડાને બાંધેલ હોય જેથી પશુઓની હેરફેર કરવા બાબતે કોઈ પરમીટ કે પરવાનો હોવાનું પૂછતા બોલેરો ચાલક-કલીનર પાસે ન હોવાનું જણાવ્યાજ હતું તથા તેઓ દ્વારા આ પશુઓને રાજકોટ કતલખાને લઇ જવાનું જાહેર કરતા તુરંત મોરબી બી ડિવિઝન પોલીસ મથકમાં બોલેરો વાહન તથા ચાલક-કલીનરને લઇ જઈ બંને વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ પશુ પ્રત્યે ક્રૂરતા પ્રતિબંધ અધિનિયમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ચોટીલાના ગણેશ જીનમાં લાગેલી આગ એક કલાકની જહેમત બાદ કાબુમાં આવી

**મુખ્ય સમાચાર, મોહસીનખાન પઠાણ**

**ચોટીલા:** ચોટીલા આણંદપુર રોડ પર આવેલ ગણેશ જીનમાં ગઈ કાલે સાંજે અચાનક કપાસના મોટા ઢગલામાં આગ લાગતાં નાસ ભાગ મચી ગઈ હતી. જેની જાણ ચોટીલા નગર પાલિકામાં થતાં જ ઘટના સ્થળે ફાયર ફાયટર સાથે સુરક્ષા જવાનો હરેશભાઈ ઉપાધ્યાય, અજયભાઈ ચૌહાણ અને નરેન્દ્રસિંહ જાડેજા પહોંચીને આગ ઓલવવાના પ્રયત્નો શરૂ કર્યા હતા. આ બનાવની જાણ થતાં જ આજુ બાજુના લોકો ઘટના સ્થળ પર પહોંચી ગયા હતા.



# લાલપુર તાલુકામાં આશા વર્કર બહેનો માટે સંમેલન યોજાયું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર લાલપુર તાલુકામાં તાલુકા આરોગ્ય કચેરી દ્વારા અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.ભાયાના માર્ગદશન હેઠળ લાલપુર તાલુકા આરોગ્ય અધિકારી ડો. પી.ડી.પરમારના અધ્યક્ષસ્થાને આશા બહેનો માટે આશા સંમેલનનું આયોજન કરાયું હતું. તાલુકા આરોગ્ય અધિકારીએ ઉપસ્થિત સર્વેને આશા અને આશા ફેસીલીટર બહેનીની કામગીરીની અગત્યતા વિષે માહિતી આપી હતી અને તેમની કામ પ્રત્યેની ફરજનિષ્ઠાને વખાણી ભવિષ્યમાં પણ આવી જ રીતે કામ કરવા માટે પ્રેરિત કર્યા હતા. તેમજ લાલપુર તાલુકામાં જન્મ મૃત્યુ દર, બાળ આરોગ્ય અને માતા આરોગ્યની સુચારુ કામગીરી માટે માર્ગદર્શન આપ્યું હતું.



ડો.બગથરીયાએ ચાલુ માસ માર્ચ ૨૦૨૪ દરમિયાન જન્મજાત ખોડખાંપણ જાગૃતિ માસ તરીકે ઉજવણી કરવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત ડો.માનસી પટેલ દ્વારા આશા બહેનોને તેમની કામગીરી અંગે માહિતી અપાઈ હતી. ઉપસ્થિત સર્વેનું શાબ્દિક સ્વાગત ડો. જે.વી.કરંગીયાએ કર્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરાયા બાદ ઉપસ્થિત અધિકારીગણે આશા ફેસીલીટર બહેનોને પ્રમાણપત્રો અર્પણ કરીને તેમની કામગીરીને બિરદાવી હતી. તેમજ આશા બહેનો પોતાની ફિલ્ડ કામગીરી પ્રત્યે વધુ પ્રોત્સાહિત બને તે હેતુથી પ્રથમ, દ્વિતીય અને ત્રીજો ક્રમાંક આપીને તેમને પ્રોત્સાહન પૂરું પાડવા માટે ૩૦ જેટલા ઇનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે અને આયોજન બદલ લાલપુર તાલુકા આરોગ્ય કચેરી અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ટીમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. કાર્યક્રમનું સફળ સંચાલન એન.આર.પરમાર એમ.પી.એસ. હરીપર દ્વારા કરવામાં આવ્યું હતું અને કાર્યક્રમના અંતે આભારવિધિ નઝમાબેન કંઠીયા ટી.એચ.વી. લાલપુર દ્વારા કરવામાં આવી હતી. સંમેલનમાં ડી.પી.સી. યજ્ઞેશ ખારેચા, વિરલ કામદાર, લાલપુર તાલુકા શિક્ષણ અધિકારી, તાલુકાના આરોગ્ય અધિકારીઓ, સુપરવાઈઝરઓ તેમજ સમગ્ર લાલપુર તાલુકા આરોગ્ય કચેરીના સ્ટાફમિત્રો ઉપસ્થિત રહ્યા હતા. તેમ તાલુકા આરોગ્ય અધિકારી ડો.પી.ડી.પરમાર, લાલપુરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ચૂંટણીને અનુલક્ષીને જામનગરના દરબારગઢ વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર સિટી-એ ડિવિઝનના પોલીસ કાફલાની સાથે જોડાયા બીએસએફના જવાનો.જામનગરના દરબારગઢ વિસ્તારની બહાર આવેલા પટ્ટણીવાડ, મટન માર્કેટ તેમજ તાજેતરમાં જ્યાંથી વીજચોરી ઝડપાઈ હતી તે વ્હાઈટ હાઉસ સહિતના વિસ્તારમાં આજે સવારે સિટી-એ ડિવિઝનના પીઆઈ એન.એ. ચાવડાની સૂચનાથી દરબારગઢ પોલીસચોકીના પીએસઆઈ વી.આર. ગામેતીના વડપણ હેઠળ પોલીસ સ્ટાફ તથા બીએસએફના જવાનોએ ફૂટ પેટ્રોલિંગ કર્યું હતું

# મોરબી સેશન્સ કોર્ટે પત્નીના હત્યાના ગુનાના આરોપી પતિને નિર્દોષ છોડ્યો

**મુખ્ય સમાચાર, જયેશ બોખાણી**

**મોરબી:** મોરબી તાલુકાનાં નવા જાંબુડીયા ગામે શકિતપરા વિસ્તારમાં મહિલાની હત્યા તેના જ પતિ દ્વારા કરવામાં આવી હતી જે કેસ મોરબીની સેસન્સ કોર્ટમાં ચાલી ગયો હતો જેમાં આરોપીના વકીલની દલીલોને ધ્યાને રાખીને કોર્ટે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ છે




આ કામે ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે, આ કામના ફરીયાદીના માતા આરોપીના પત્નિ થાય છે અને ફરીયાદીના માતા ફરીયાદી સાથે રહેતા હતા અને તેના પિતા જીદી સ્વભાવના હોવાથી તેની માતા તેઓની સાથે રહેવા જતા ન હતા જેથી આરોપીએ ફરીયાદીની માતા સાથે અવારનવાર આ બાબતે બોલાચાલી કરી હતી અને તા. ૨૬/૧૨/૨૦૨૧ ના રોજ સવારના આશરે સવા અગીયારેક વાગ્યાના સુમારે નવા જાંબુડીયા ગામે શકિતપરા વિસ્તારમાં ફરીયાદીના માતા મકાનમાં કપડા ધોતા હતા ત્યારે આરોપીએ ત્યાં જઈ તેની ઉપર કુહાડી વડે હુમલો કરીને તેની હત્યા કરી નાખી હતી જે અંગેની મૃતકના દીકરાએ ફરિયાદ નોંધાવેલ હતી જેથી મોરબી તાલુકા પોલીસે ગુનો નોંધીને આરોપી હંસરાજભાઈ મોહનભાઈ વિંજવાડીયાની ધરપકડ કરી હતી જે કેસમાં આરોપીના વકીલ તરીકે મોરબીના એડવોકેટ જીતેન ડી. અગેચાણીયા રોકાયેલ હતા અને આ કામે ફરીયાદ પક્ષે ફરીયાદી, અન્ય સાહેદો, પંચો, ડોકટર તથા તપાસ કરનાર અધીકારી વિગેરેની જુબાની લેવામાં આવેલી હતી અને તમામ પુરાવાના અંતે આરોપીના વકીલ દ્વારા દલીલ કરવામાં આવેલ હતી કે આ કામે ફરીયાદ પક્ષે ફરીયાદથી વિરુધ્ધનો અને વીપરીત હકીકત જણાવેલ છે. અને ફરીયાદી પક્ષે ફરી ગયેલ સાહેદ જાહેર કરવામાં આવેલ છે. અને આ કામના મરણજનારના સગાઓએ તેમજ અન્ય સ્વતંત્ર સાહેદોએ તેમના મૌખીક પુરાવામાં ફરીયાદ પક્ષના કેસને કે તેમના નીવેદનને સમર્થન આપેલ નથી. જેને ધ્યાને લઈને આરોપીના વકીલ એડવોકેટ જીતેન અગેચાણીયાની દલીલોને ધ્યાને લઈને કોર્ટે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ છે આ કેસમાં મોરબી જીલ્લાના એડવોકેટ જીતેન અગેચાણીયા, સીનીયર એડવોકેટ દીલીપભાઈ અગેચાણીયા, જે.ડી. સોલંકી, હીતેશ પરમાર, કુલદીપ ઝીંઝુવાડીયા, રવી ચાવડા રોકાયેલ હતા.

# મોરબી, ટંકારા,પડધરી તાલુકાના રસ્તા અને સિંચાઈ યોજનાથી તળાવો ભરવાના કામોને મંજૂરીની મહોર

## સાંસદ મોહનભાઈ અને ધારાસભ્ય દુલર્ભજીભાઈની સફળ રજૂઆતથી રૂ.૪૮.૩૧ કરોડના વિકાસના કામોને અપાઈ મંજૂરી

**મુખ્ય સમાચાર, ઋષિ મેહતા**

**મોરબી:** રાજકોટના સાંસદ મોહનભાઇ કુંડારીયા અને ૬૬ ટંકારાના ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયાની રજૂઆતોના આધારે ટંકારા-પડધરી વિધાનસભા વિસ્તારમાં મોરબી તાલુકા, ટંકારા તાલુકા તથા પડધરી તાલુકાના રોડ રસ્તાના ૧૭.૨૫કરોડના કામો તથા ટંકારા તાલુકાની ડેમી સિંચાઇ યોજના અંતર્ગત નેસડા(ખા), ઘુનડા(ખા), મહેન્દ્રપુર તથા નાના રામપર ગામના સૌની યોજના આધારિત ડેમી-૨ માંથી તળાવો ભરવા માટે અંદાજિત રકમ રૂપિયા ૩૧.૦૬ કરોડના વિકાસના કામો માટે રાજ્ય સરકાર દ્વારા સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ છે.



આ તકે સાંસદ મોહનભાઇ કુંડારીયા તથા ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયાએ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ સિંચાઇ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા તેમજ ગુજરાત સરકારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# ચોટીલા તાલુકાના CET પાસ ૪૩ વિદ્યાર્થીઓને અમદાવાદ સાયન્સ સિટીની મુલાકાત કરાવાઈ

**મુખ્ય સમાચાર, મોહસીનખાન પઠાણ**

**ચોટીલા:** ચોટીલા તાલુકાના અલગ અલગ ગામોની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલ CET પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ અને મેરીટમાં પસંદ પામેલા ૪૩ વિદ્યાર્થીઓને સુરેન્દ્રનગર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શિલ્પાબેન પટેલ ના માર્ગદર્શન અંતગર્ત એક દિવસીય અમદાવાદ સાયન્સ સિટી પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ પ્રવાસનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં




વિજ્ઞાન પ્રત્યે રુચિ વધે ભવિષ્યમાં તેઓ વિધાન ક્ષેત્રે આગળ વધે અને પોતાનો વિકાસ કરી શકે તે હેતુ થી પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતુ. વિદ્યાર્થીઓને અમદાવાદ સાયન્સ સિટીમાં ઘણા બધા અલગ અલગ વિભાગોની મુલાકાત નિઃશુલ્ક કરાવવામાં આવી હતી. જે જોઈને વિદ્યાર્થીઓએ ઘણી બધી નવા પ્રોયોગો જોયા હતા. ગુજરાત સરકારના આવા કાર્યક્મથી બાળકોમાં ખૂબ જ ખુશી જોવા મળી હતી. આ કાર્યક્મને સફળ બનાવવા માટે ચોટીલા બી.આર.સી પ્રકાશભાઈ પરમાર, સી.આર.સી. હીરાભાઈ, સી.આર.સી પ્રશાંતભાઈ, આણંદપુર પે સેન્ટર શાળાના શિક્ષક કૃણાલભાઈ અને અલ્પાબેન, અકાળા પ્રાથમિક શાળાના શિક્ષક હરીશચંદ્રભાઈ અને કૈલાસબેન સહિતનાઓએ જહેમત ઉઠાવી હતી.

# ભારત વિકાસ પરિષદ મોરબીના નવા હોદેદારોની વરણી કરાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

ભારત વિકાસ પરિષદ મોરબી શાખા સૌરાષ્ટ્ર કચ્છ પ્રાંતની મોરબી શાખાની વર્ષ ૨૦૨૪/૨૫ ની ચુંટણી પ્રક્રિયા તારીખ ૧૫ માર્ચ ગુરુવાર ના રોજ મહેશ હોટેલ મોરબી ખાતે પૂર્ણ થયેલ હતી. સૌરાષ્ટ્ર કચ્છ પ્રાંતના અધ્યક્ષ પ્રફુલભાઈ ગોસ્વામીની હાજરીમાં સર્વ સમંતિથી નવી ટીમને જવાબદારી સોપવામાં આવી હતી અને હોદેદારોને શપથ લેવડાવવામાં આવ્યા હતા. ભારત વિકાસ પરિષદ મોરબી શાખાના અધ્યક્ષ તરીકે ડો.જયેશ પનારા, સચિવ તરીકે હિંમતભાઈ મારવાણીયા અને કોષાધ્યક્ષ તરીકે ચિરાગભાઈ હોથીને જવાબદારી સોપવામાં આવી છે.

ભારત વિકાસ પરિષદ મોરબી શાખા



દ્વારા યોજાયેલ સાધારણ સભામાં રીજીયન સેક્રેટરી સેવા વિભાગના રવિન્દ્રભાઈ ત્રિવેદી, રીજીયન સેક્રેટરી સંપર્ક વિભાગના જેઠસુરભાઈ ગુજરિયા તેમજ સૌરાષ્ટ્ર કચ્છ પ્રાંત સંગઠન મંત્રી કરશનભાઈ મેહતા તથા સૌરાષ્ટ્ર કચ્છ પ્રાંત ગત્રજીજી ના સહ સંયોજક ધ્રુમિલ ભાઈ આડેસરા તથા આનંદનગર શાખા રાજકોટ ના અધ્યક્ષ રમેશભાઈ દત્તા અને આ કાર્યક્રમનું સંચાલન મોરબી શાખાના સંગઠન મંત્રી તથા સોરાષ્ટ્ર કચ્છના ગુરુવંદન છાત્ર અભિનંદન પ્રકલ્પના સહસયોજક દિલીપભાઈ પરમારએ કર્યુ હતું તથા મોરબી શાખાના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગર જિલ્લા કલેકટર બી.કે.પંડ્યાના અધ્યક્ષસ્થાને સુજલામ સુફલામ જળ અભિયાનની સમીક્ષા બેઠક યોજાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા કલેકટર બી.કે.પંડ્યાના અધ્યક્ષસ્થાને સુજલામ સુફલામ જળ અભિયાનની જિલ્લા અમલીકરણ સમિતિની સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લા કલેકટરએ સમિતિના સદસ્યો સાથે પરામર્શ બાદ જણાવ્યું હતું કે, જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પાણીની અછત ન સર્જાય તે માટે વિવિધ વિકાસકાર્યો હાથ ધરવામાં આવ્યા છે. પાણીનો સંચય વધારે થાય અને તળાવોમાં જળસ્તર ઓછું ન થાય તે માટે સુચારુ આયોજન કરાયું છે. જિલ્લા કલેકટરએ બાકી રહેલા વિકાસ



કાર્યોને તાત્કાલિક પૂર્ણ કરવા માટે સૂચના આપી હતી. તેમજ સમિતિના સદસ્યોને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, અધિક નિવાસી કલેકટર બી.એન.ખેર, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શારદા કાથડ, ઊંડ જળ સિંચન વિભાગના કાર્યપાલક ઈજનેર હરદયા, સિંચાઈ વિભાગના કાર્યપાલક ઇજનેરશ્રી અકબરી તેમજ સમિતિના અન્ય સદસ્યો હાજર રહ્યા હતા.

# મોરબીના પ્રભાતનગરમાં સામાન્ય રકઝકમાં લાગી આવતા યુવકનો ગળેફાંસો ખાઈ આપઘાત

**મુખ્ય સમાચાર, મોરબી**

મળતી માહિતી મુજબ મૂળ જામનગર જીલ્લાના નાગપુર ગામના વતની હાલ મોરબીના ઘુંટુ રોડ ઉપર આવેલ પ્રભાતનગરમાં રહેતા મિલનભાઇ રમેશભાઇ નિમાવત ઉવ-૨૬ એ ઘરની સામાન્ય બાબતમા બોલાચાલી થતા જે બાબતનું મનમા લાગી આવતા ગઈકાલ તા.૧૫/૦૩ ના રોજ બપોરના ૧૨.૨૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાની જાતે ગળાફાસો ખાઇ લેતા મરણ જતા તેમના મોટાભાઈ પરેશભાઈ નિમાવત દ્વારા હોસ્પિટલ લાવતા મોરબી તાલુકા પોલીસે અ.મોતની નોંધ કરી મોરબી સ.હો.ખાતે પોસ્ટમોર્ટમ કરી લાશને અંતિમવિધી માટે પરિવારને સોપવામા આવેલ છે.

# જામનગર જિલ્લા મહિલા અને બાળ અધિકારી કચેરી દ્વારા એજ્યુકેશન કીટ વિતરણ કરાયું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી- જામનગર દ્વારા સમગ્ર જિલ્લામાં કિશોરી અને મહિલા જાગૃતિ માટે અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું હોય છે. લાલપુર તાલુકામાં સ્થિત આર.એલ. છત્રોલા શિશુમંદિરની દીકરીઓને એજ્યુકેશન કીટ વિતરણ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં કિશોરીઓમાં કુપોષણ અટકાવવા માટેના પગલાં, ગુડ ટચ એન્ડ બેડ ટચ વિશેની માહિતી આપવામાં આવી હતી.કાર્યક્રમમાં ૫૦ જેટલી દીકરીઓ સહભાગી બની હતી. કાર્યક્રમ દરમિયાન



શાળાના આચાર્ય, સ્ટાફ મિત્રો, ડીસ્ટ્રીક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વુમનના ડિસ્ટ્રિક્ટ કો-ઓર્ડીનેટર અલ્પાબેન, અસ્મિતાબેન સાદિયા અને જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરીના સ્ટાફગણ હાજર રહયા હતા. તેમ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# વાંકાનેરમાં મજૂરોને ગાળો આપવા મુદ્દે બે પાડોશી વચ્ચે સશસ્ત્ર ધીંગાણું, સામસામી ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેરમાં ગાયત્રી મંદિર રોડ ઉપર આવેલ આરોગ્યનગર ખાતે રોડ બનવાનું કામ ચાલુ હોય ત્યારે મજૂરોને ઉંચા અવાજે ગાળો આપવા બાબતે આરોગ્યનગર વિસ્તારમાં રહેતા બે પાડોશી વચ્ચે બોલચાલી બાદ સશસ્ત્ર ધીંગાણું થતા બંને પક્ષોના લોકોને ઈજાઓ પહોંચતા વાંકાનેર સીટી પોલીસ મથકમાં સામસામી ફરિયાદ નોંધાવવામાં આવી છે ત્યારે પોલીસે બંને પક્ષોની ફરિયાદના આધારે તમામ આરોપીઓ સામે આઇપીસી ની અલગ અલગ કલમ હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી માહિતી અનુસાર આરોગ્યનગર પશક્તિ કૃપાથમાં રહેતા નરવિરસિંહ લખધીરસિંહ ઝાલા ઉવ.૪૨ એ આરોપી ગીરીરાજસિંહ નવલસિંહ ઝાલા રહે.આરોગ્ય નગર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે ફરીયાદી નરવીરસિંહના ઘરની સામેની શેરીમા સિમેન્ટનો રોડ બનાવવાનુ કામ ચાલુ હોય ત્યા મજુરો કામ કરતા હોય જે મજુરોને આરોપી ગિરિરાજસિંહ ઉંચા અવાજમા ગાળો આપતો હોય જે ગાળો નરવીરસિંહના ઘર સુધી સંભળાતી હોય જેથી નરવીરસિંહે ત્યા જઇ આ કામના આરોપી ગિરિરાજસિંહને ગાળો નહી બોલવા જણાવતા જે બાબતનું આરોપીને સારું નહિ લાગતા એકદમ ઉશ્કેરાઈ જઈ આરોપીએ જેમ ફાવે તેમ ગાળો આપી પેન્ટના નેફા માથી છરી કાઢી નરવીરસિંહને પડખામાં તથા છાતીના ભાગે છરીનો એક ઘા મારી સરકા જેવી સમાન્ય ઇજાઓ કરી તેમજ લોખંડના પાઇપ વતી નરવીરસિંહને માથાના ભાગે તથા જમણા હાથે માર મારી સામાન્ય ઇજાઓ પહોચાડયાની ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીઓ સામે આઇપીસી કલમ ૩૨૪,૩૨૩,૫૦૪ તથા જી.પી.એકટ મુજબ ગુનો નોંધ્યો હતો.

જયારે સામાપક્ષે આરોગ્યનગર શેરી નં.૨ માં રહેતા ગીરીરાજસિંહ નવલસિંહ ઝાલાએ વાંકાનેર સીટી પોલીસ મથકમાં આરોપીઓ નરવિરસિંહ લખધીરસિંહ ઝાલા, યોગેન્દ્રસિંહ લખધીરસિંહ ઝાલા રહે. વાંકાનેર આરોગ્ય નગર શક્તિ કુપા, હકુભા અજયસિંહ જાડેજાનો દિકરો, બાબલી ચંદ્રસિંહ જાડેજા રહે.વાંકાનેર, પ્રહલાદસિંહ ઉર્ફે રાજભા ખુમાનસિંહ ઝાલા રહે.ભરવાડપરા વાંકાનેર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે ગિરિરાજસિંહના ઘર પાસે શેરીમા સિમેન્ટનો રોડ બનાવવાનુ કામ ચાલુ હોય ત્યા મજુરો કામ કરતા હોય જે મજુરોને આરોપી યોગેન્દ્રસિંહ ઉંચા અવાજમા રાડો પાડતો હોય ત્યારે ફરિયાદી ગિરિરાજસિંહ નાઇટશીફ્ટ કરી ઘરે સુતા હોય જેથી તેની ઉંઘમા ખલેલ પહોચતા ફરિયાદી ગિરિરાજસિંહે આરોપીને જોર જોરથી રાડો નહી પાડવા સમજાવતા બોલાચાલી થતા ત્યાં હાજર લોકોએ તેમને ઝઘડો નહી કરવા સમજાવી ઘરે મોકલેલ જેનો ખાર રાખી પાછળથી પાંચેય આરોપીઓએ એકસંપ કરી મંડળી રચી ગિરિરાજસિંહના ઘરે જઇ તેમને ઘરમાથી બહાર કાઢી ફળીયામા લાવી ગિરિરાજસિંહને ગાળો આપી લોખંડના પાઇપ, છરી, લાકડાના ધોકા વડે હુમલો કરી માથામાં તથા પગમાં ઈજાઓ પહોંચાડી હતી તથા હાથમાં ફ્રેકચર જેવી ઈજાઓ પહોંચાડયાની ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીઓ સામે આઈપીસીની કલમ ૩૨૫, ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૪૪૭, ૧૪૩, ૧૪૭, ૧૪૯ તથા જીપી એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. ત્યારે હાલ વાંકાનેર સીટી પોલીસે બંને પક્ષોની સામસામી ફરિયાદના આધારે આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.

# વાંકાનેર રેલ્વે સ્ટેશન પર ત્રણ ટ્રેનોને અપાયેલા સ્ટોપેજનો સાંસદ કેસરીદેવસિંહ ઝાલાએ શુભારંભ કરાવ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**



રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી ત્રણ ટ્રેનોને સાંસદ કેસરીદેવસિંહ ઝાલાએ લીલી ઝંડી દેખાડીને વાંકાનેર સ્ટેશન પર સ્ટોપેજનું શુભારંભ કરાવ્યો હતો.

વાંકાનેર સ્ટેશન પર આયોજિત કાર્યક્રમમાં ટ્રેન નં. ૧૨૯૪૯ પોરબંદર-સંતરાગાછી કવિગુરુ સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેનને લીલી ઝંડી આપી વાંકાનેર સ્ટેશન પર એક સાથે ત્રણ સુપરફાસ્ટ ટ્રેનોના સ્ટોપેજનું શુભારંભ કરવામાં આવ્યું હતું. અન્ય બે સુપરફાસ્ટ ટ્રેન કે જેને વાંકાનેર સ્ટેશન પર સ્ટોપેજ આપવામાં આવ્યું હતું તેમાં ટ્રેન નં. ૨૨૯૦૫ ઓખા-શાલીમાર સુપરફાસ્ટ એક્સપ્રેસ અને ટ્રેન નં. ૧૨૯૦૫ પોરબંદર-શાલીમાર સુપરફાસ્ટ એક્સપ્રેસ શામેલ છે.

આ પ્રસંગે સાંસદ કેસરીદેવસિંહજી ઝાલાએ જણાવ્યું હતું કે વાંકાનેર અને મોરબીના વિસ્તાર ના લોકો ની લાંબા સમયથી માંગણી હતી કે પોરબંદર-સંતરાગાછી કવિગુરુ સુપરફાસ્ટ એક્સપ્રેસ, ઓખા-શાલીમાર સુપરફાસ્ટ એક્સપ્રેસ અને પોરબંદર-શાલીમાર સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેનો ને વાંકાનેર સ્ટેશન પર સ્ટોપેજ આપવામાં આવે જે આજે પૂર્ણ થયું છે.આજથી, આ ત્રણેય ટ્રેનો વાંકાનેર સ્ટેશને તેમના નામાંકિત દિવસોમાં ૧૩.૫૮ કલાકે આવશે અને ૧૪.૦૦ કલાકે ઉપડશે. કાર્યક્રમની શરૂઆતમાં રાજકોટ ડિવિઝનના એડિશનલ ડિવિઝનલ રેલવે મેનેજર કૌશલકુમાર ચૌબેએ સૌનું સ્વાગત કર્યું હતું.

રાજકોટ ડિવિઝનના એડિશનલ ડિવિઝનલ રેલ્વે મેનેજર કૌશલ કુમાર ચૌબેએ સાંસદ કેસરીદેવસિંહજી ઝાલાનો રેલ્વે સુવિધા વધારવામાં સતત પ્રયાસો અને સહકાર બદલ વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમના અંતે રાજકોટ ડિવિઝનના સિનિયર ડીસીએમ સુનિલકુમાર મીનાએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન મુખ્ય જનસંપર્ક નિરીક્ષક વિવેક તિવારીએ કર્યું હતું.

# રૈયાધાર સ્લમ કવાર્ટરમાં વૃદ્ધનો ગળાફાંસો ખાઈ આપઘાત

## દિવાલ માથે પડતા ઘવાયેલા યુવાનનું સારવારમાં મોત

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરની ભાગોળે આવેલા રૈયાધાર સ્લમ ક્વાટર માં વૃદ્ધ એ કોઈ કારણોસર ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવી નાખતા અરેરાટી પ્રસરી જવા પામી છે.

આ અંગેની માહિતી મુજબ રૈયાધાર વિસ્તારમાં આવેલા ક્વાર્ટર માં રહેતા ધનજીભાઈ ગોવિંદભાઈ ચાવડા ઉંમર વર્ષ ૬૨ નામના ગઈકાલે પોતાના ઘરે હતા ત્યારે કોઈ કારણોસર પંખા સાથે દોરી બાંધી ગળે ફાંસો ખાઈ લેતા ૧૦૮ ને જાણ કરવામાં આવતા ઈએમટી સેજલબેન સહિતનો સ્ટાફ દોડી જઈ વૃદ્ધને જોઈ તપાસી મૃતક જાહેર કરી ગાંધીગ્રામ બે યુની પોલીસ ને જાણ કરતા એએસઆઈ એચ વી રવૈયા સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી જઈ પ્રાથમિક તપાસ શરૂ કરી હતી જ્યારે અન્ય એક બનાવવામાં રાજકોટના ભુપગઢ ગામે રહેતા મનસુખભાઈ પાંચાભાઇ ગોહેલ નામના પ્રોઢ ગઈકાલે બપોરના પોતાના ઘરે મકાનનું કામ કરતા હતા ત્યારે દિવાલ માથે પડતા શરીરે ગંભીર ઇજા થતાં સારવારમાં સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવતા તેઓનું સારવાર દરમિયાન મોત નીપજતા બના અંગેની જાણ આજીડેમ પોલીસ મથકે કરવામાં આવતા પોલીસે પ્રાથમિક તપાસ હાથ ધરી છે

# વાંકાનેરના ખીજડીયા ગામે ચારિત્ર્ય અંગે શંકા રાખી પત્ની-પુત્રી પર યુવાને કર્યો ચપ્પુ વડે હુમલો

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકાના ખીજડીયા ગામે પતિએ ચારિત્ર્ય અંગે શંકા કુશંકા રાખી પત્ની સાથે બોલાચાલી કરી ચપ્પુ વડે હુમલો કર્યો હતો. જેથી પત્નીને પડખામાં, હાથમાં થતા જડબાના ભાગે ઈજાઓ પહોંચી હતી. ત્યારે પુત્રી દ્વારા માતાને છોડાવવા વચ્ચે પડતા તેને પણ ચપ્પુ વડે ગળાના ભાગે ઈજાઓ પહોંચાડતા સમગ્ર બનાવ અંગે પત્ની દ્વારા વાંકાનેર તાલુકા પોલીસમાં પતિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

મળતી માહિતી અનુસાર વાંકાનેરના ખીજડીયા(રાજ) ગામે રહેતા દયાબેન કમલેશભાઈ ગોગીયા ઉવ.૪૦ એ વાંકાનેર પોલીસ મથકમાં આરોપી કમલેશભાઈ ગોવિંદભાઇ ગોગીયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે આરોપી કમલેશભાઈએ પોતાના રહેણાંક ખાતે પોતાની પત્નિના ચારીત્ર ઉપર શંકા કરી ઝઘડો કરી ઝપાઝપી કરી પોતાની પાસે રહેલ ચપ્પુ તેની પત્ની દયાબેનને હાથે, જડબાના ભાગે, ગળાના પાછળના ભાગે તથા પડખાના ભાગે ઇજાઓ પહોચાડી હતી. માતા ઉપર હુમલામાં વચ્ચે છોડાવવા પુત્રી પડતા તેને પણ આરોપી કમલેશભાઈએ ગળાના ભાગે ઇજા પહોંચાડી જેમફાવે તેમ ગાળો આપી ઘટના સ્થળેથી આરોપી નાસી ગયો હતો. ત્યારે સમગ્ર બનાવ અંગે વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા હાલ પોલીસે આરોપી વિરુદ્ધ આઇપીસી કલમ ૩૨૩, ૩૨૪, ૫૦૪ તથા જી.પી એક્ટ હેઠળ ગુનો દાખલ કરી આરોપીને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# જેતપુરમાં બુટલેગરના મકાનમાંથી વિદેશી દારૂની ૨૩૭ બોટલ કબજે: બુટલેગરની શોધ ખોળ

## ધોરાજીમાં જુગાર રમતા છ શખ્સોની ધરપકડ: ૧૦,૦૦૦ ની રોકડ કબજે

**મુખ્ય સમાચાર રાજકોટ**

જેતપુર માં આવેલા ગોંડલ દરવાજા પાસે વણકર વાસ મા રહેતા બુટલેગર ના મકાનમાં થી પોલીસે ૨૩૭ બોટલ વિદેશી દારૂનો જથ્થો કબજે કરી બુટલેગરની શોધખોળ શરૂ કરી છે.

અંગેની માહિતી મુજબ જેતપુર સીટી પોલીસ ના હેડ કોન્સ્ટેબલ સીટી વસૈયા કોન્સ્ટેબલ જયેશભાઈ સહિત નો સ્ટાફ બાતમી ના આધારે જેતપુરમાં આવેલા ગોંડલ દરવાજા પાસે વણકરવાસ મારે તો ચિરાગ ઉર્ફે ભાઈઓ અશોક પરમાર ના પ્રેરણાત મકાનમાં દરોડો પાડતા વિદેશી દારૂની ૨૩૭ બોટલ મળી આવતા પોલીસે ₹૩૩,૩૦૦ નો દારૂનો જથ્થો કબજે કરી હાજર નહીં મળી આવેલ બુટલેગર ચિરાગોર કે ભાઈઓ ની શોધખોળ શરૂ કરી છે જ્યારે અન્ય એક બનાવમાં ધોરાજી પોલીસના એએસઆઈ પરબતભાઈ શામળા સહિત ના સાથે જાહેરમાં જુગાર રમતો અનિલ નાથા વઘાસિયા ચિરાગ ભૂપત સેજલીયા યોગેશ મનસુખ સેજલીયા ભરત જગદીશ વૈષ્ણવ રાહુલ સામત પઢીયાર અને દિનેશ ધીરુ વઘાસિયા સહિત છ શખ્સોની ધરપકડ કરી જુગારના પટમાંથી રોકડા રૂપિયા ૧૦,૯૮૦ નો મુદ્દામાલ કબજે કરી ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# વ્યાજખોરના ત્રાસથી કંટાળી એકતા સોસાયટીના રિક્ષા ચાલકના આપઘાતનો પ્રયાસ

## વ્યાજખોરે ફાઈનાન્સ કંપનીમાં લોન કરાવી બે સ્કૂટર અને એક બુલેટ છોડાવી લીધાની પોલીસ કમિશનરને અરજી કર્યા બાદ પગલું ભર્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં રહેતા વિકલાંગ રીક્ષા ચાલકે માતાની સારવાર માટે વ્યાજખોર પાસેથી રૂ.૫૦ હજાર ૧૫ ટકાના વ્યાજે લીધા હતા અને તેની બદલીમાં દરરોજ રૂ.૧૦,૦૦૦ ચૂકવતો હતો તેમ છતાં વ્યાજખોર શખ્સે યુવકના નામે ફાઈનાન્સ લોન કરાવી બે સ્કૂટર અને એક બુલેટ છોડાવી લીધા હોવાની પોલીસ કમિશનરને રજૂઆત કર્યા બાદ યુવાને વ્યાસખોરના ત્રાસથી કંટાળી એસીડ પી આપઘાતનો પ્રયાસ કર્યો હોવાની ઘટના પ્રકાશમાં આવતા ચકચાર મચી જવા પામી છે.



જામનગર રોડ ઉપર આવેલી એકતા સોસાયટીમાં રહેતા રિક્ષાચાલક ભરત રઘુભાઈ કાકડીયા નામનો ૨૮ વર્ષનો

આ અંગેની માહિતી મુજબ જામનગર રોડ ઉપર આવેલી એકતા સોસાયટીમાં રહેતા રિક્ષાચાલક ભરત રઘુભાઈ કાકડીયા નામનો ૨૮ વર્ષનો યુવાન જામનગર રોડ ઉપર ગ્રીનલીફ્ટ રિસોર્ટ પાસે હતો. ત્યારે સાંજના છએક વાગ્યાના અરસામાં એસિડ પી લીધું હતું. ભરત કાકડીયાને ઝેરી અસર થતા બેભાન હાલતમાં તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. આ અંગે જાણ થતા યુનિવર્સિટી પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. આ અંગે પ્રાથમિક પૂછપરછમાં ભરત કાકડીયાએ જણાવ્યું હતું કે તેની માતાની સારવાર માટે વ્યાજખોર ફિરોજભાઈ જાન પાસેથી રૂ.૫૦ હજાર ૧૫ ટકાના વ્યાજે લીધા હતા અને દરરોજ રૂ.૧૦,૦૦૦ ચૂકવતો હતો તેમ છતાં વ્યાજખોરે ભરતભાઈ કુકડીયાના નામે ફાઈનાન્સમાં લોન કરાવી બે સ્કૂટર અને એક બુલેટ ખરીદ કરી લીધા હતા અને અવાર નવાર માર મારી ત્રાસ આપતો હતો જે અંગે ગાંધીગ્રામ અને ક્રાઈમ બ્રાન્ચે ફરિયાદ નહીં લેતા વ્યાજખોર સામે પોલીસ કમિશનરને રજૂઆત કરી હતી તેમ છતાં વ્યાજખોર ત્રાસ આપતો હોવાથી ભરતભાઈ કુકડીયાએ એસિડ પી આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આક્ષેપને પગલે યુનિવર્સિટી પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ખાનગી સ્કુલમાં સગીર વિદ્યાર્થિની પર દુષ્કર્મ કરનાર શિક્ષકની જામીન અરજી ફગાવાઈ

## શિક્ષકે પોતે નપુસંક હોવાની કરેલી દલીલ રિપોર્ટમાં ખોટી ઠરતા કોર્ટે જામીન અરજી કાઢી નાંખી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની ખાનગી સ્કુલના શિક્ષકએ ધોરણ ૯ ની ૧૪ વર્ષની સગીરા સાથે દુષ્કર્મના કેસમાં પોલીસ તપાસ બાદ ચાર્જશીટ રજુ થઈ જતા આરોપી શિક્ષકે કરેલ રેગ્યુલર જામીન અરજી પોકસો કોર્ટ દ્વારા ફગાવામાં આવી હતી.

આ કેસની હકીકત અનુસાર, શહેરની ખાનગી સ્કુલમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા અભિષેક પંડયાએ પોતાની સ્કુલની ધો.૯માં ભણતી છાત્રા સાથે તેણીની મરજી વિરુદ્ધ પોતાના રહેણાંક મકાનમાં ત્રણ વખત દુષ્કર્મ કરેલ હોવાની ફરિયાદ થયેલ હતી. આરોપીએ પોકસો કોર્ટમાં વચગાળાની જામીન અરજી કરી રજુઆત કરેલ હતી કે તેઓની સગાઈ થવાની હોવાથી ટેમ્પરરી જામીન આપવામાં આવે. પરંતુ આ આરોપીની સગાઈ તુટી જતા તેમણે પોતાની વચગાળાની જામીન અરજી પરત ખેંચેલ હતી.

આરોપીએ ચાર્જશીટ બાદની જામીન અરજી રજુ કરી જણાવ્યું હતું કે પોતે નપુંસક છે. તેથી તેઓ દ્વારા દુષ્કર્મ થવાની ફરિયાદ ખોટી છે. આ જામીન અરજી સાથે આરોપીએ અલગથી અરજી આપી પોતાની નપુંસકતાનો ટેસ્ટ કરાવવા માટે દાદ માંગેલ હતી. અદાલતે આરોપીને તેમના જેલવાસ દરમ્યાન અમદાવાદ ખાતે નપુંસકતા ટેસ્ટ કરાવવા લઈ જવાનો હુકમ કરેલ. જે બાદ આરોપીએ હોસ્પીટલે પહોંચીને આરોપીએ ડોકટર સમક્ષ આવો ટેસ્ટ કરાવવા માટે સંમતિ આપવાનો ઈન્કાર કરેલ હતો.આ મુજબનો રીપોર્ટ કોર્ટમાં રજુ થતા આરોપીએ ફરીથી જણાવેલ કે તેઓને સંમતિ આપવાનો ઈન્કાર કરેલ નથી આથી કોર્ટે આરોપીને નપુંસકતા ટેસ્ટ કરાવવા માટે ફરી હુકમ કરેલ.

આ હુકમ મુજબ આરોપીએ નપુંસકતા ટેસ્ટ કરાવવા માટે સંમતિ આપેલ અને તે મુજબનો ટેસ્ટ કરાવતા અદાલતે રિપોર્ટ લઈ અગાઉના પેપર્સ સાથે વાંચી આરોપી નપુંસક હોવા અંગેનો અભિપ્રાય વિરોધાભાસી હોવાના તારણ ઉપર આવેલ. આ પરીસ્થિતિ ધ્યાનમાં લેતા અદાલતે ભોગ બનનારના આંતરિક વસ્ત્રો ઉપર સીમેનની હાજરી મળી આવેલ હોવાની હકીકતને ધ્યાનમાં લીધેલ.

આ વખતે સરકાર વતી જીલ્લા સરકારી વકીલ એસ.કે. વોરાએ રજુઆત કરેલ હતી કે ભોગ બનનારના આંતરીક વસ્ત્રો ઉપરજ્યારે સીમેન મળી આવેલ હોય ત્યારે ભોગ બનનાર જે વ્યક્તિનું નામ આપે તે જ વ્યક્તિએ તેણી સાથે દુષ્કર્મ કરેલ હોવાનું અનિવાર્યપણે માનવાનું રહે છે. વધુમાં ભોગ બનનારે આરોપીનું નામ ક્યા કારણસર ખોટી રીતે આપેલ છે તે અંગે કોઈ જ રજુઆત કરેલ નથી તે હકીકત પણ વધુ મહત્વ ધરાવે છે. દલીલોના અંતે ખાસ અદાલતે આરોપી અભિષેક વિમલભાઈ પંડયાની ચાર્જશીટ બાદની જામીન અરજી રદ કરતો હુકમ કર્યો છે. આ કેસમાં સરકાર તરફે જીલ્લા સરકારી વકીલ સંજયભાઈ કે. વોરા રોકાયેલ હતા.

# જસદણમાં યુવતીને માતાજીનો ડર બતાવી શખ્સે અનેકવાર દુષ્કર્મ આચર્યુ

## ચોટીલાના રેશમીયા ગામના રાવલદેવ વિરૂધ્ધ ફરિયાદ નોંધાતા પોલીસે શોધખોળ આદરી

**મુખ્ય સમાચાર, જસદણ**

૨૦ વર્ષીય યુવતીને તેના પરિવારના રાવળદેવ યુવાને ધર્મની બહેન બનાવી તને માતાજી નડે છે કહી ધમકીઓ આપી દુષ્કર્મ આચરી મોટી બહેનને ભગાડી ગયાની ફરિયાદ નોંધાતા ચમચાર મચી ગઈ છે.

આ અંગેની માહિતી મુજબ જસદણમાં રહેતી ૨૦ વર્ષીય યુવતીએ જસદણ પોલીસ સ્ટેશનમાં ચોટીલાના રેશમીયા ગામના રોહિત રણછોડ મોરી સામે આઈપીસી ૩૭૬(૨), ૫૦૬(૨), ૫૦૮ વગેરે કલમ મુજબ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યુ હતું કે આરોપી તેણીના ભાઈનો મિત્ર હતો જેને લીધે સંપર્કમાં આવતો હતો એક વખત મળવા બોલાવી તને માતાજી નડે છે તેમ કહી શરીર સબંધ બાંધવાની માંગણી કરી હતી અને જો શરીર સબંધ નહી બાંધે તો માતાજી કોપાયમાન થશે, જો આવું નહી કરે તો તારા ભાઈને પણ મારી નાખીશ તેવી ધમકીઓ આપી યુવતી પર દુષ્કર્મ આચરતો હતો આરોપીએ ગત તા.૧૫-૮-૨૦૨૩ના રોજ તેની સાથે પ્રથમ વખત અને છેલ્લે ઓક્ટોબર-૨૦૨૩ સુધી ત્રણેક વખત શરીર સંબંધ બાંધ્યો હતો આરોપી કુટુંબનો રાવળદેવ હોવાથી અવારનવાર માતાજીના માંડવા સહિતના પ્રસંગમાં આવતો હોય તેથી પરીચય કેળવ્યો હતો તે પછી ફરિયાદીની મોટી બહેન સાથે સંપર્ક કરી ગત તા.૯ માર્ચે મોટી બહેનને ભગાડી ગયા બાદ નાની બહેને પરિવાર સમક્ષ આપવીતી વર્ણવતા મામલો જસદણ પોલીસ સુધી પહોંચતા પીઆઈ તપન જાનીના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એમ. ડી.વાઘેલા સહીતે આરોપીને દબોચી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# હાઈકોર્ટના હુકમ બાદ શાપર વેરાવળ પોલીસે સગીરા પર દુષ્કર્મની ફરિયાદ નોંધી

## પોલીસે સગીરાના પરિવારને નગ્ન કરી મારમાર્યાની હાઈકોર્ટમાં રીટ કરાઈ'તી: બળજબરીથી સમાધાનના કાગળો પર સહીઓ કરાવી હતી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપર વેરાવળમાં રહેતા શ્રમિક પરિવારની સગીર વયની પુત્રી પર ભાઈના મિત્રએ અવારનવાર ધાક ધમકી આપી અનેક વખત દુષ્કર્મ આચર્યાની પોલીસમાં ફરિયાદ કરવા ગયેલા શ્રમિક પરિવારને પોલીસે નગ્ન કરી માર મારી બળજબરીથી સમાધાનના કાગળોમાં સહી કરાવી લીધાની હાઈકોર્ટમાં રીટ કરવામાં આવતાં અંતે હાઈકોર્ટના આદેશથી શાપર વેરાવળ પોલીસે શ્રમિક સગીરા પર દુષ્કર્મ આચરનાર યુવાન સામે ગુનો નોંધી તેની ધરપકડ કરવાના ચક્રોગતિમાન કર્યા છે.

આ ઘટના અંગેની જાણવા મળતી સિલસિલાબંધ વિગતો મુજબ, શાપર વેરાવળમાં રહેતા શ્રમિક પરિવારની ૧૭ વર્ષની પુત્રી ૧૧-૨- ૨૦૨૪નાં રાત્રે ઘરે સુતી હતી ત્યારે સુરજ ઉર્ફે સુરેશ વિનોદભાઈ કામેતા નામનો પરપ્રાંતિય શખ્સ ઘરમાં ઘુસી સગીરા પર દુષ્કર્મ આચરવાનો પ્રયાસ કરતાં પરિવારજનોએ રંગેહાથ પકડી લીધો હતો.ત્યારબાદ સગીરાની પરિવારજનોએ પુછપરછ કરતાં ભાઈના મિત્ર સુરજ ઉર્ફે સુરેશ નામનો શખ્સ છેલ્લા છ મહિનાથી અવારનવાર ભાઈનું અપહરણ કરી બિહાર લઈ જઈ મારી નાખવાની ધમકી આપી સગીરા પર અનેક વખત દુષ્કર્મ આચર્યાનું બહાર આવતાં પરિવારજનો તા.૧૨-૨-૨૦૨૪નાં શાપર વેરાવળ પોલીસ મથકમાં આરોપી સામે ફરિયાદ નોંધાવવા ગયા હતાં. પરંતુ પોલીસે ગુનો દાખલ કરવાના બદલે શ્રમિક પરિવારને આખો દિવસ પોલીસ સ્ટેશનમાં બેસાડી રાખી નગ્ન કરી માર મારી બળજબરીથી સમાધાનના કાગળો પર સહી કરાવી લીધી હતી. સ્થાનિક પોલીસ તરફથી ન્યાય નહીં મળતા બીજા દિવસે શ્રમિક પરિવાર જિલ્લા પોલીસ વડાની કચેરીએ રજૂઆત કરવા ગયા હતાં. પરતુ ત્યાં પણ આખો દિવસ બેસાડી રાખ્યા હતા અને પોલીસ વડાને મળવા દીધા ન હતાં.

દુષ્કર્મનો ભોગ બનેલ સગીરા અને તેના પરિવારજનો પર પોલીસે દમન આચર્યાનું જાણીતી સંસ્થાને માહિતી મળતાં ભોગ બનનાર પરિવારની વહારે એનજીઓ આવી હતી અને તેમની રજૂઆત સાંભળ્યા બાદ પુરાવા મેળવી હાઈકોર્ટમાં રીટ કરવામાં આવી હતી. જેના પગલે હાઈકોર્ટે રાજ્ય સરકાર અને જિલ્લા પોલીસ વડા તેમજ સ્થાનિક પોલીસને નોટિસ ઈસ્યુ કરી ૧૫મી તારીખે હાજર રહેવા હુકમ કર્યો હતો.હાઈકોર્ટના હુકમના પગલે શાપર વેરાવળ પોલીસે દુષ્કર્મનો ભોગ બનેલી સગીરાના પિતાની ફરિયાદ પરથી શાપર વેરાવળમાં જ રહેતા બિહારી શખ્સ સુરેશ ઉર્ફે સુરજ વિનોદભાઈ કામેતા નામના શખ્સ સામે પોકસો અને દુષ્કર્મની કલમ હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરવાના ચક્રોગતિમાન કર્યા છે.

# જામનગરમાં પીજીવીસીએલ દ્વારા વધુ રૂા.૧૭.૪૫ લાખની વિજચોરી ઝડપાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં દરેડ, ચેલા, જામનગર તાલુકા, શંકરટેકરી, દિ.પ્લોટ, પવનચક્કી, નિલકંઠનગર અને શહેર વિસ્તારમાં ૧૪૧ વિજ કનેકશનો ચેક કરાયા: જેમાં ૨૨ માં વિજચોરી પકડાઇ.જામનગર પીજીવીસીએલ કચેરી દ્વારા છેલ્લા કેટલાક દિવસ થી હાલાર પંથકમાં પાવર ચોરી ઝડપી લેવા માટે ચેકિંગ કામગીરી કરવામાં આવી રહી છે.



ચેકીંગ દરમ્યાન રૂા. ૧૭.૪૫ લાખની પાવર ચોરી ઝડપી લેવામાં આવી છે.પીજીવીસીએલના કોર્પોરેટ ચેકિંગ ડ્રાઇવ અંતર્ગત જામનગર શહેરના શંકર ટેકરી, પવનચક્કી, દિગ્વિજય પ્લોટ, નીલકંઠ નગર તેમજ તાલુકાના દરેડ અને ચેલા ગામમાં વીજ ચેકીંગ કરવામાં આવ્યું હતું.૧૭ ટીમ દ્વારા કરાયેલી કામગીરી દરમિયાન કુલ ૧૪૧ વીજ જોડાણ તપાસવામાં આવ્યા હતા એમાંથી ૨૨ વીજ જોડાણમાં ગેરરીતિ જણાતા આવા આસામીઓને રૂા. ૧૭.૪૫ લાખના વીજ બિલો આપવામાં આવ્યા હતા. પીજીવીસીએલ દ્વારા કરાયેલી ચેકીંગની કામગીરીમાં ૧૭ ટીમો જોડાઇ હતી, જેમાં ૨૨ કનેકશનોમાં લંગરીયા, ડાયરેકટ જોડાણ, મીટર ચેડા સહિતના કનેકશનો જણાતા તમામને દંડ ફટકારવામાં આવ્યો હતો, ચેકીંગ સમયે એસઆરપીના ૧૧ જવાનો હાજર રહ્યા હતા

# મોડપર-જાખર પાટીયા પાસે બોલેરો પલ્ટી ખાતા એકનું મોત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર-ખંભાળીયા ધોરીમાર્ગ પર વધુ એક અકસ્માતનો બનાવ બહાર આવ્યો હતો જેમાં બોલેરો પલ્ટી ખાતા એક વ્યકિતનું મૃત્યુ નિપજયુ હતું.મળતી વિગત મુજબ જામનગર ખંભાળીયા હાઇવે મોડપર-જાખર પાટીયા પાસે બોલેરો વાન અચાનક પલ્ટી ખાઇ જતા અકસ્માત સર્જાયો હતો જેમાં એક વ્યકિતનું મૃત્યુ થયુ હતું,





અકસ્માત અંગે ૧૦૮ને જાણ કરવામાં આવતા તાકીદે એમ્બ્યુલન્સ દોડી ગઇ હતી.આ અકસ્માતમાં છ લોકોને ઇજા થતા ૧૦૮ની ટીમ દ્વારા પ્રાથમિક સારવાર કરી વધુ સારવાર અર્થે અત્રેની જી.જી. હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે મેઘપર પોલીસને જાણ કરવામાં આવી હતી.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

